ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
બહુમાળી ભવન,પ્રથમમાળ,સેકટર-૧૧,ગાંધીનગર,૩૮૨૦૧૧
ફોન નંબર-૦૭૯ ૨૩૨૨૦૪૪૦,ફેકસ નંબર-૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email :gmc8gandhinagar@gmail.com

ક્રમાંક:ગાં.મ.ન.પા./મકમ/કોરોનાવાઇરસ/ જાહેરનામું/ફન.૧૧૫-૨/૪૯૭૪/૨૦૨૧, તા:૨૨/૦૩/૨૦૨૧

વંચાણે લીધું:

(૧) ધી એપેડેમિક ડિસીઝ એક્ટ-૧૮૯૭.
(૨) નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫.
(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: NCV/102020/SF-1/G, તા.૨૦/૦૩/૨૦૨૦.
(૪) ગૃહ મંત્રાલય, ભારત સરકારના હુકમ ક્રમાંક: ૪૦-૩/૨૦૨૦-DM-I(A), તા.૨૭/૧૦/૨૦૨૦.
(૫) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના જાહેરનામાં ક્રમાંક:જીજી/૩૭/૨૦૨૦/વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૦/૪૮૨, તા.૦૨/૧૧/૨૦૨૦.

## "જાહેરનામુ"

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાઇરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19ના કેસો નોંધાયેલ છે. જે બાબતે કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઈરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતા ગાંધીનગર મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારમાં નોવેલ કોરોના વાઈરસના પોઝીટીવ કેસો નોંધાયેલા છે જેથી કોરોના વાઈરસના સંક્રમણના ફેલાવવાની શક્યતાઓ સોશિયલ ડીસ્ટન્સીંગ (Social Distancing)ના અભાવે વધી રહેલ છે.

આથી હું, મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર ગુજરાત રાજ્ય એપેડેમિક ડીઝીસ એક્ટ-૧૮૯૭ની કલમ-૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક:NCV/102020/SF-1/G, Date:20/03/2020ના પેરા નં. ૧૧ થી મળેલ અધિકારની રુએ નીચે કોષ્ટકમાં દર્શાવેલ વિસ્તારોને "Containment Area" (કન્ટેન્મેન્ટ એરિયા) જાહેર કરું છું

| માઈક્રો કન્ટેન્મેન્ટ એરિયાની યાદી | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | સેક્ટર/ગામ | માઈક્રો કન્ટેન્મેન્ટ એરિયા | કુલ ઘર | કુલ વસ્તી |
| ૧ | સેક્ટર-૩ | પ્લોટ નં-૬૫ થી ૬૮ | ૦૮ | ૩૨ |
| ૨ | સેક્ટર-૩ | પ્લોટ નં-૧૦૩૭ થી ૧૦૩૯ | ૦૬ | ૨૫ |
| ૩ | સેક્ટર-૪ | પ્લોટ નં-૯૯૧ થી ૯૯૬ | ૧૨ | ૪૮ |
| ૪ | સેક્ટર-૫ | પ્લોટ નં-૭૪૪ થી ૭૪૯ | ૧૨ | ૫૦ |
| ૫ | સેક્ટર-૬ | પ્લોટ નં-૪૯૯ થી ૫૦૧ | ૦૬ | ૨૫ |
| ૬ | સેક્ટર-૭ | પ્લોટ નં-૯૯૬ થી ૯૯૮ | ૦૬ | ૨૫ |
| ૭ | સેક્ટર-૭ | બ્લોક-૮૯ | ૦૫ | ૨૦ |
| ૮ | સેક્ટર-૨૦ | પ્લોટ નં-૨૭૭ અને ૨૭૮ | ૦૨ | ૦૮ |
| ૯ | સેક્ટર-૨૨ | પ્લોટ નં - ૧૯૦ થી ૧૯૩ | ૦૪ | ૧૫ |
| ૧૦ | સેક્ટર-૨૪ | પ્લોટ નં-૬૨૦ થી ૬૨૪ | ૦૫ | ૨૨ |
| ૧૧ | સેક્ટર-૨૬ | પ્લોટ નં-૩૫૬ થી ૩૫૯ | ૦૮ | ૩૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | સેક્ટર-૨૯ | પ્લોટ નં-૨૮૮ થી ૨૯૦ | ૦૩ | ૧૦ |
| ૧૩ | સેક્ટર-૩૦ | પ્લોટ નં-૬૫૩ થી ૬૫૫ | ૦૬ | ૨૫ |
| ૧૪ | સેક્ટર-૩૦ | પ્લોટ નં-૫૮૧ થી ૫૮૩ | ૦૬ | ૨૬ |
| ૧૫ | જીઈબી કોલોની | ટાઈપ-૪ બ્લોક-૧૮ માં આવેલ મકાન નં-૯ | ૦૧ | ૦૬ |

ઉપરોક્ત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઇન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ તથા એપેડેમિક ડિસીઝ એક્ટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર,
ગાંધીનગર મહાનગરપાલિકા.

**નકલ સવિનય રવાના જાણ સારુ:**

૧. કલેકટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર તરફ.

૨. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સેકટર-૨૭, ગાંધીનગર તરફ.
૨/- આપશ્રીના તાબા હેઠળના તમામ પોલીસ અધિકારીશ્રી/કર્મચારીશ્રીને જાહેરનામાની સંપૂર્ણ વિગતોથી સુમાહિતગાર કરી જરૂરી માર્ગદર્શન આપી જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરાવવા સારુ.

**નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે:**

૧. મેડીકલ ઓફિસર ઓફ હેલ્થશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા તરફ.
૨/- આ જાહેરનામાની જાહેરાત જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડી પ્રસિધ્ધિ આપવા તથા સમગ્ર ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારોમાં રોગચાળો ફેલાતો અટકાવવા આરોગ્ય વિભાગની ગાઈડલાઈન/SOP અનુસાર આરોગ્ય વિષયક જરૂરી કાર્યવાહી અને સંકલન કરવા લાયઝન અધિકારી તરીકે આપશ્રીને નિયુકત કરવામાં આવે છે. સબબ, જાહેરનામાની અમલવારી સુનિશ્ચિત કરવા સારુ.

૨. સીસ્ટમ એનાલીસ્ટશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા તરફ ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવા સારુ.